અપીલ અરજી નં.૧૩૯ તા.૨૦ –૭–૧૦/૧૧

અરજદારઃ  શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલા
સામાવાળાઃ ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની તા.૩૧–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ અડાજણ ગુજરાત ગેસ સર્કલ નજીક આવેલ મુકતાનંદ નગરમાં આવેલ મહાલક્ષ્મી ફાસ્ટ ફુડની કોર્નર જે કવર કરી છે તે અને એના માળ ઉપર ટેરેસમાં બનાવવામાં આવેલ મકાન શું કાયદેસર છે મહાલક્ષ્મી ફાસ્ટ ફુડ ની લાઈનમાં જેટલી દુકાન ની કોર્નર જે કવર કરવામાં આવી તેના માટે કોઈ પરમીશન લેવામાં આવી છે. વિ. મુદ્દા નં.૧ થી ૯ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૩૯/૨૦૧૦–૧૧

શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની તા.૩૧–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ અડાજણ ગુજરાત ગેસ સર્કલ નજીક આવેલ મુકતાનંદ નગરમાં આવેલ મહાલક્ષ્મી ફાસ્ટ ફુડની કોર્નર જે કવર કરી છે તે અને એના માળ ઉપર ટેરેસમાં બનાવવામાં આવેલ મકાન શું કાયદેસર છે મહાલક્ષ્મી ફાસ્ટ ફુડ ની લાઈનમાં જેટલી દુકાન ની કોર્નર જે કવર કરવામાં આવી તેના માટે કોઈ પરમીશન લેવામાં આવી છે. વિ. મુદ્દા નં.૧ થી ૯ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આઉટ/૨૦૯ તા.૫–૭–૧૦ થી આપેલ માહિતી માંગ્યા મુજબ જવાબ આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તેમજ મુદ્દા નં.૧ ની વિગત નગર રચનાના નકશા આધારે અલગ તારવી શકાય કે કેમ? તથા મુદ્દા નં.૫ની વિગત સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની વેબ સાઈટ પર મુકેલ છે કે કેમ? તે વિગતો પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ /૫૨૫ તા.૨૬–૭–૧૦ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તથા અરજદારને મુદ્દા નં.૧,૨ તથા ૪ અંગે મિલ્કતની ઓળખની ચોકકસ વિગતો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે આપીને માહિતી મેળવવા કોઈ પ્રયત્ન કરેલ છે કે કેમ? તેની વિગતો મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ / ૨૬૬ તા.૧૧–૮–૧૦થી જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન તરફથી તબદીલ થયેલ તા.૩–૬–૧૦ ના પત્રની નકલ, અરજદારની નમુના–ક ની અરજીની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૭૨ તા.૧૯–૬–૧૦ થી મુદ્દા નં.૯ ની લગભગ દિન–૬ના વિલંબથી આપેલ માહિતી આપેલ પત્રની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૦૯ તા.૫–૭–૧૦ થી મુદ્દા નં.૧ થી ૭ તથા ૯ ની માહિતી આપેલ પત્રની નકલ, સ્થળ નિરીક્ષણ નોંધની નકલ પહોંચતી કરવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી કોઈપણ વિગત આપવામાં આવેલ નથી.

અરજદારની તા.૩૧–૫–૧૦ની અરજીથી મુદ્દા નં.૧ અડાજણ ગુજરાત ગેસ સર્કલ નજીક આવેલ મુકતાનંદ નગરમાં આવેલ મહાલક્ષ્મી ફાસ્ટ ફુડની કોર્નર જે કવર કરી છે તે અને એના માળ ઉપર ટેરેસમાં બનાવવામાં આવેલ મકાન શું કાયદેસર છે? મહાલક્ષ્મી ફાસ્ટફુડની લાઈન માં જેટલી દુકાનની કોર્નર જે કવર કરવામાં આવી તેના માટે કોઈ પરમીશન લેવામાં આવી છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેની કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવામાં આવતા અડાજણ ગુજરાત ગેસ સર્કલ નજીક આવેલ મુકતાનંદ નગરમાં આવેલ મહાલક્ષ્મી ફાસ્ટ ફુડની કોર્નરની દુકાનની ઈમ્પેકટ ફી ભરવામાં આવેલ છે, સદર બિલ્ડીંગના ટેરેસવાળી મિલ્કત અંગેની તેમજ મહાલક્ષ્મી ફાસ્ટફુડની લાઈનમાં આવેલ કોર્નરવાળી દુકાનોની સ્પષ્ટ વિગત દર્શાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાશે. અરજદારે અપીલમાં મુદ્દા નં.૧માં માંગ્યા મુજબનો જવાબ મળેલ નથી તેવી રજુઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ મહાલક્ષ્મી ફાસ્ટફુડની લાઈનમાં આવેલ કોર્નરવાળી દુકાનોની સ્પષ્ટ વિગત દર્શાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપવાની તૈયારી દર્શાવેલ છે. અરજદાર તેવી વિગતો પુરી પાડી માહિતી મેળવી શકે છે. મુદ્દા નં.૨ પાલનપુર પાટીયા, ગેઈલ ટાવરની સામે, પુષ્પક સોસાયટીની બાજુમાં મેઈન રોડ ઉપર બંગલાની અંદર ડિપાર્ટમેન્ટલ સ્ટોર અને બંગલાની બહાર ચાલતુ પાણી પુરી, ભેલપુરીનું કાઉન્ટર મુકવામાં આવેલ છે શુ તે પરમીશન લેવામાં આવેલ છે? રેશીડેન્ટલને કોમર્શીયલ માટેની પરવાનગી લેવામાં આવી છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પાલનપુર પાટીયા, ગેઈલ ટાવરની સામે, પુષ્પક સોસાયટીની બાજુમાં મેઈન રોડ ઉપર બંગલાની અંદર ડિપાર્ટમેન્ટલ સ્ટોર અને બંગલાની બહાર ચાલતુ પાણી પુરી, ભેલપુરીનું કાઉન્ટર મુકવામાં આવેલ તેની અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ઉપર કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેમજ રેસીડન્સીયલને કોર્મશીયલ માટેની પરવાનગી લીધા હોવાનું અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.૩ આનંદ મહલ રોડ ઉપર પ્રાઈમ આર્કેડથી લઈને સાગર કોમ્પ્લેક્ષ સુધીમાં ઘર કે બંગલાની અંદર દુકાન કે શો રૂમ ચાલે છે તેની કોર્મશીયલ પરવનગી લેવામાં આવી છે? જે મકાનની કોર્મશીયલ પરવાનગી લેવામાં આવી હોય તેનું નામ એડ્રેસ આપવું. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેર ઝોન વિસ્તારમાં આવેલ આનંદ મહેલ રોડ ઉપર પ્રાઈમ આર્કેડથી લઈને સાગર કોમ્પલેક્ષ સુધીની માંગવામાં આવેલ મિલ્કતોની સપષ્ટ વિગતો દર્શાવ્યેથી માહિતી આપી શકાય. તેવુ જણાવેલ છે.અરજદારે અપીલમાં માંગ્યા મુજબની માહિતી આપેલ નથી તેવી તકરાર ઉપસ્થિત કરેલ છે.જે બાબતે અરજદાર મિલ્કતોની સ્પષ્ટ વિગતો પુરી પાડી માહિતી મેળવી

શકે છે. મુદ્દા નં.૪ ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાલનપુર પાટીયામાં આવેલ દુકાન કે ગોડાઉન ધારકો ધ્વારા કોર્મશીયલ તરીકે પરમીશન લેવામાં આવી છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાલનપુર પાટીયામાં આવેલ કેટલી દુકાન કે ગોડાઉન અંગે ટી.પી.સ્કીમ નંબર તથા ફાયનલ પ્લોટ નંબર સહિતની વિગતો જણાવ્યેથી જરૂરી ઉપલબ્ધ માહિતી અત્રેથી આપી શકાય તેમ છે. અરજદારે અપીલમાં માંગ્યા મુજબની માહિતી આપેલ નથી તેવી તકરાર ઉપસ્થિત કરેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદાર મિલ્કતોની સ્પષ્ટ વિગતો પુરી પાડી માહિતી મેળવી શકે છે. મુદ્દા નં.૫ ડિમોલીશન S.M.C. ધ્વારા કરવામાં આવે છે તે ડિમોલીશન કર્યા બાદ છારુ કોણે ઉપાડવાનું હોય છે? અને કેટલા દિવસમાં? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આર.ટી.આઈ. એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે. જેમાં અરજદારે માંગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ નથી. તેવી રજુઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડીમોલેશન કર્યા બાદ કાટમાળ અંગે જો કોઈ નિયમ કે જોગવાઈઓ હોય તો તે જણાવવાની રહે.મુદ્દા નં.૬ અડાજણ પાણીની ટાંકી પાસે આવેલ કેકે અને બાવરી સ્ટોર્સ કોર્મશીયલની પરવાનગી મેળવેલ છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેની કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવામાં આવતા અડાજણ પાણીની ટાંકી પાસે આવેલ (૧) કેકુ શોપ્સની કોર્મશીયલ યુઝ માટેની ઈમ્પેકટ ફી ભરપાઈ કરવામાં આવેલ છે. (૨) બાવરી કલેકશન શોપ અંગે અત્રેની કચેરીએ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૭ અજરામર ચોક પાસે આવેલ ગોવિંદનગર સોસાયટીમાં આવેલ ઘર દુકાન કોર્મશીયલ પરવાનગી આપવામાં આવેલ છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેની કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવામાં આવતા અજરામર ચોક પાસે આવેલ ગોવિંદનગર સોસાયટીમાં આવેલ ઘર દુકાન કોર્મશીયલ યુઝ માટેની પરવાનગી અંગે અત્રેની કચેરીએ માહિતી ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૮ નવયુગ કોલેજની બહાર બનાવવામાં આવતું રીઝન્ટ નોલેજ સેંટર કોમર્શીયલ, રેશીડેન્ટ કે અન્ય કોઈ હેતુ માટેની પરવાનગી મેળવેલ છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર આપેલ હોવાનું જણાતુ નથી. મુદ્દા નં.૯ સરીતા સાગર સંકુલ, સ્વામીનારાયણ પાસે સરદાર પુલ નીચે આવેલ સરીતા સાગર સંકુલમાં રેસ્ટોરન્ટ સ્વીમીંગ પુલ, હેલ્થ કલબ દરેક લાયસન્સ લેવામાં આવેલા છે. સરીતા સાગર સંકુલની પ્લાન પાસની કોપી આપવી (સાદી પ્લાન પાસની કોપી) જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સરીતા સાગર સંકુલ, સ્વામીનારાયણ પાસે સરદાર પુલ નીચે આવેલ સરીતા સાગર સંકુલમાં રેસ્ટોરન્ટ સ્વીમીંગ પુલ, હેલ્થ કલબ માટે ઈમ્પેકટ ફી ભરપાઈ કરાવી NOC આપવામાં આવેલ છે. વધુમાં સરીતા સાગરના મંજુર પ્લાન અંગેની કોઈ માહિતી અત્રેની કચેરીએ ઉપલબ્ધ નથી. સરદાર પુલ નીચે આવેલ સરીતા સાગર સંકુલમાં ગીતા રેસ્ટોરન્ટ આવેલ છે જે સંદર્ભે બી.પી.એમ.સી એકટ હેઠળ તેઓ ધ્વારા લાયસન્સ મેળવવામાં આવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના પત્ર નં.૧૭૨ તા.૧૯–૬–૧૦ થી આપેલ છે તથા તા.૫–૭–૧૦ ના પત્રથી જ આ અંગે વધુમાં જણાવેલ છે કે સરીતા સંકુલ ટ્રસ્ટ તરફથી વ્યાયામ તરણ કુંડ, જીમનાસ્ટીક, ટેબલટેનિસ, ક્રીકેટના વ્યવસાયની મુંબઈના દુકાનો અને સંસ્થાઓનાં અધિનિયમ ૧૯૪૮ મુજબ નોંધણી કરાવેલ છે. જયારે રેસ્ટોરન્ટના વ્યવસાયની નોંધણી કરાવેલ નથી. એમ જણાવેલ છે. જયારે અરજદારે મુદ્દા નં.૧,૩ થી ૫ માં માંગ્યા મુજબ જવાબ નથી મળ્યો તથા ૮ નો જવાબ બાકી છે એમ જણાવી અપીલ કરેલ છે. વધુમાં અરજદારને પત્ર ધ્વારા અરજીના મુદ્દા નં.૧,૨ તથા ૪ અંગે મિલ્કતની ઓળખની ચોકકસ વિગતો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે આપીને માહિતી મેળવવા કોઈ પ્રયત્ન કરેલ છે કે કેમ? તેવી વિગતો મંગાવવા છતાં અપીલ તબકકે તેની કોઈ વિગત મોકલાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. ૫ અને ૮ ની નહીં પુરી પડાયેલ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને દફતરી ઉપલબ્ધ વિગતે પૂરી પાડવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન )ને જણાવવામાં આવે છે. જયારે અરજદાર મુદ્દા નં.૧,૩ અને ૪ માં મિલ્કતોની સ્પષ્ટ વિગતો દર્શાવી કાયદાની કલમ ૭(૩) સાથે નિયમ ૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/<br>
તારીખ : –૮ –૧૦.

ડે.કમિશ્નર(સ્પે),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ...જાણ તથા અમલ માટે.<br>
(૨) શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ,